ક્રમાંક:મઉમશબ/શા.નિ./ઓનલાઈન
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૫/૦૨/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય :- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ઓનલાઈન શરૂ કરવામાં આવેલ સ્કૂલ રજીસ્ટ્રેશન પ્રકિયા પૂર્ણ કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૧૨/૦૧/૨૦૨૧ ના રોજ સ્કૂલ રજીસ્ટ્રેશનની માહિતીમાં અપડેટ પ્રકિયા શરૂ કરવામાં આવેલ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરીક્ષાર્થીઓના આવેદનપત્રો તા.૨૧/૦૧/૨૦૨૧ થી શરૂ કરવામાં આવેલ અને વધુમાં આજ રોજ તા.૦૫/૦૨/૨૦૨૧ થી ધોરણ-૧૦ ના પરીક્ષાર્થીઓના આવેદનપત્રો ઓનલાઈન ભરવા માટેની પ્રકિયા શરૂ કરવામાં આવેલ છે.

સમગ્ર રાજ્યમાં માહિતી અપડેટ કરવાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા ચાલુ વર્ષના સુધારા સાથેની સ્કૂલ રજીસ્ટ્રેશન પ્રકિયા ખુબ સારી રીતે શરૂ છે. સાથે સાથે તેઓની મુશ્કેલીઓનો પણ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને બોર્ડ દ્વારા હાથ ધરી નિરાકરણ કરવામાં આવી રહ્યુ છે. વર્ષ – ૨૦૨૧ માટે બોર્ડની જાહેર પરીક્ષામાં અંદાજિત ૧૮,૫૦૦ જેટલી શાળાઓ દ્વારા આવેદનપત્રો ભરવામાં આવનાર છે. જે પૈકી આજ રોજ તા.૦૫/૦૨/૨૦૨૧ ના બપોરના ૦૨.૦૦ કલાક સુધીમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા કુલ ૧૫,૨૫૬ શાળાઓ દ્વારા માહિતી અપલોડ થઈ ગયેલ છે. જે પૈકી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા કુલ ૧૦,૦૭૬ શાળાઓની માહિતીનું વેરીફિકેશન પૂર્ણ થયેલ છે. જે સરાહનિય કામગીરી છે. આપશ્રીઓનું અંગત ધ્યાન દોરુ છે કે મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીની કામગીરી માટે શાળાઓનો સ્ટાફ તેમજ આપશ્રી અને આપની કચેરીને પણ ચૂંટણીની કામગીરી રહેશે. જેથી બોર્ડની આ કામગીરી ઉપર ધ્યાન કેન્દ્રીત કરી ઝડપથી પૂર્ણ કરશો. જેથી બંને કામગીરી ચોક્કસાઈ પૂર્વક પૂર્ણ કરી શકાય. આ સાથે આજના દિવસનું અપડેટેડ પત્રક મૂકવામાં આવે છે.

જા. નં./મા-૧/૨૦૨૧/૧૫૧૫ તા. 06/02/2021.

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

પ્રતિ,
આચાર્યશ્રી/સંચાલકશ્રી,
સુરત શહેર/જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક તમામ શાળાઓ તરફ.
પ/- જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો, સુરત.



Scanned with CamScanner
Scanned with CamScanner